# શાળા-કોલેજો બહાર અડીંગો જમાવીને બેસતા તત્વો પર પોલીસે લાલ આંખ કરી

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરની શાળા કોલેજો બહાર બાઈકો લઈને અડીંગો જમાવી


(તસવીર : વિપુલ ચૌહાણ)

બેસી જતા અસામાજીક તત્વો તથા લાયસન્સ વગર વાહનો ચલાવતા વિદ્યાર્થીઓ પર જિલ્લા પોલીસ અધિક્ષકની સુચનાથી ટ્રાફીક પોલીસે લાલ આંખ કરી છે. આજે સે-૨૩ની શાળા તથા કોલેજ બહાર આકસ્મિક ડ્રાઈવ ગોઠવીને સે-૨૧ પોલીસ તથા ટ્રાફીક પોલીસે સંયુક્ત રીતે આવા ૨૧ અસામાજીક તત્વો અને લાયસન્સ વગર વાહન ચલાવતા વિદ્યાર્થીઓના બાઈકો ડીટેઈન કરી કડક કાર્યવાહી હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે આગામી દિવસોમાં પણ આકસ્મિક ડ્રાઈવ રાખવામાં આવશે.

જિલ્લા પોલીસ વડા શરદ સિંઘલી સુચનાથી સે-૨૧ પોલીસ મથકના પી.આઈ. એસ.ડી. પટેલ તથા ટ્રાફીક પી.આઈ. વાય.આર. ગામીત તેમના સ્ટાફ સાથે સે-૨૩ની શાળા અને કોલેજ બહાર ડ્રાઈવ અર્થે પહોંચી ગયા હતાં અને લાયસન્સ વિના વાહનો લઈને આવતા વિદ્યાર્થીઓ અને શાળા કોલેજો બહાર અડીંગો જમાવીને બેસતા લુખ્ખા તત્વો પર ઘોંસ બોલાવી હતી. આજે રાખેલી આ ડ્રાઈવમાં ૨૧ વાહનોને સંકુલ બહારથી ડીટેઈન કરી લઈને પોલીસે આર.ટી.ઓ. દંડ વસુલવા માટેની કાર્યવાહી કરી છે. આગામી દિવસોમાં પણ આ પ્રકારે આકસ્મિક ચેકીંગ કરી ડ્રાઈવ રાખવામાં આવશે તેમ ટ્રાફીક પી.આઈ. વાય.આર. ગામીતે જણાવ્યું છે.

**સે-૨૩માં ડ્રાઈવ રાખીને પોલીસે અસામાજીક તત્વો તથા લાયસન્સ વગર ફરતા વિદ્યાર્થીઓના ૨૧ બાઈકો ડીટેઈન કરાયા**



# જૂના સેકટરોમાં કોમન સપ્લાય પૂર્વે ચરેડી ટાંકીનું ટેસ્ટીંગ હાથ ધરાયું

## તંત્ર દ્વારા ટ્રાયલ લેવાની પ્રક્રીયા હાથ ધરાઈ

ગાંધીનગર, તા.૯

સે-૨૮ ચરેડી પમ્પીંગ સ્ટેશન અને ટાંકીનું કામ પૂર્ણ થયા બાદ નવનિર્મિત ટાંકીને અનુલક્ષી તંત્ર દ્વારા ટ્રાયલ લેવાની પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. આગામી દિવસોમાં જૂના સેકટરોમાં પાણીનો કોમન સપ્લાય આપવા તંત્ર કક્ષાએ જરુરી ગતિવિધિઓ આરંભી દેવાઈ છે.

શહેરના જૂના સેકટરોમાં હાલની સ્થિતિએ અલગ અલગ સમયે પાણી પૂરવઠો સપ્લાય કરવામાં આવે છે. શહેરમાં પાણી વિતરણ વ્યવસ્થાને અપગ્રેડ કરવાનું કામ પણ પ્રગતિ હેઠળ છે. જેમાં નવા સેકટરોમાં પણ પાણીની સમસ્યા નિવારવા સે-૫ ખાતે નવીન ટાંકી બનાવાનું કામ પૂર્ણતાના આરે છે.

જયારે પાણીની પાઈપલાઈન અપગ્રેડ કરવા પાછળ પણ કરોડોના ખર્ચે કામગીરી હાથ ધરવામાં આવી છે. જૂના સેકટરોમાં પણ ચરેડી ખાતે નવીન પાણીની ટાંકી તેમજ પમ્પીંગ સ્ટેશનું કામ પૂર્ણ કરી દેવાયું છે. આ કામગીરી પૂર્ણ થતા સેકટરોમાં હાલ જુદા જુદા સમયે અપાતા પાણી પુરવઠાના બદલે એક જ સમયે કોમન સપ્લાય પુરો પાડવાનું આયોજન કરવામાં આવ્યું છે.

જેને અનુલક્ષી પાણી વિભાગ દ્વારા હાલ ટ્રાયલ લેવાની પ્રક્રીયા હાથ ધરાઈ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આગામી ટૂંક સમયમાં જૂના સેકટરોમાં કોમન સપ્લાય આપવામાં આવશે. સેકટરોમાં એક જ સમયે પાણીનો સપ્લાય અપાશે એટલું જ નહીં પરંતુ પાણીનો ફોર્સ પણ વધશે તેમ પણ જણાવ્યું છે.

# કંપનીના ડીસ્ટ્રીબ્યુટરને કમીશન ન આપી ૩૬ હજારની છેતરપીંડી

## તુલીપ્ત મેઘા આર્ટ કંપનીના બે ડાયરેક્ટરો વિરૂદ્ધ પોલીસ ફરીયાદ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરના ઈન્ફોસીટી ખાતે આવેલી તુલીપ્ત મેઘા માર્ટ કંપનીનાં ડાયરેક્ટરોએ તેના કુડાસણ ખાતેના ડીસ્ટ્રીબ્યુટરને કમીશન આપવાની લાલચ આપીને રૂ. ૩૬ હજારનું મળવા પાત્ર થયેલુ કમીશન ન આપી છેતરપીંડી આચરી હોવાની પોલીસ ફરીયાદ નોંધાવતા ચકચાર મચી જવા પામી છે. સે. ૭ પોલીસે ડીસ્ટ્રીબ્યુટરની ફરીયાદને આધારે બન્ને ડાયરેક્ટરો વિરૂદ્ધ ગુનો દાખલ કરી સઘન તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ ઈન્ફોસીટી વિસ્તારમાં સ્થિત તુલીપ્ત મેઘા માર્ટ કંપનીના અજય ગોધા અને રોહિત કાસલીવલ (જૈન) ડાયરેક્ટરો છે. આ કંપની એમ.એલ.એમ. (મલ્ટીલેવલ માર્કેટીંગ) બીઝનેસ પર આધારીત છે. જે અંગેની ડીસ્ટ્રીબ્યુટરશીપ કુડાસણના દિનેશભાઈ બેચરભાઈ પટેલે લીધી હતી. જેમાં બીઝનેશ માર્ટ વ્યક્તિઓની ચેઈન બનાવી અપાશે તો તેનું કમીશન મળશે તેવું ડાયરેક્ટરોએ ડીસ્ટ્રીબ્યુટરને જણાવ્યુ હતું. અત્યાર સુધીમાં રૂ. ૩૬ હજારનું ભેગુ થયેલું કમીશન બન્ને ડાયરેક્ટરોએ ડિસ્ટ્રીબ્યુટરને ન આપીને છેતરપીંડી આચરી હોવાની સે. ૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવા પામી છે. સેક્ટર-૭ પોલીસમથકના સેકન્ડ પી.આઈ. પી.ટી. બોદરે કંપનીના બે ડાયરેક્ટરો વિરૂદ્ધ ડીસ્ટ્રીબ્યુટરની ફરીયાદને આધારે ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

# ચંદ્રાલાની પરિણીતા પાસે સાસરીયાઓએ રૂ. ૧૫ લાખનું દહેજ માગ્યું

## પતિ સહિત સાસુ, સસરા મારઝુડ કરી ત્રાસ આપતાની પોલીસ ફરિયાદ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લાના ચંદ્રાલા ગામની પરિણીતાએ તેના સાસરીયા વિરૂદ્ધ શારીરિક માનસિક ત્રાસ તેમજ પંદર લાખના દહેજની માંગણી અંગેનો ગુનો ચિલોડા પોલીસ મથકે નોંધાવતા પોલીસે દહેજ ભુખ્યા સાસરીયાઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

પ્રાપ્ત માહિતી મુજબ ચંદ્રાલા ગામની પરિણીતા નેહાબેન વાઘેલાના લગ્ન આંગણજ ગામના ભાવેશકુમાર વાઘેલા સાથે થયા હતા. લગ્નના થોડા સમય બાદ પતિ ભાવેશકુમાર, સસરા વિજયકુમાર અને સાસુ રંજનબેન ફેક્ટરીમાં ખોટ જવાના કારણે નેહાબેન પાસે પંદર લાખ રૂપિયાના દહેજની માંગણી કરી મારઝુડ કરી શારીરિક માનસિક ત્રાસ આપવાનું શરૂ કરી દીધુ હતુ. જે અંગેની ફરિયાદ ચિલોડા પોલીસમથકે નોંધાતા પોલીસે ઘટતી કાર્યવાહી હાથ ધરી છે.

# કોબા પાસે વાહનની ટક્કરે વૃદ્ધનું મૃત્યુ

ગાંધીનગર, તા. ૯

અમદાવાદના શાહીબાગ વિસ્તારમાં આવેલી જય મહાકાળી સોસાયટીમાં રહેતા નિવૃત્ત કર્મચારી મણીલાલ ખુલાશલાલ પરમાર ગઈકાલે સાંજે એક્સેસ મોપેડ લઈને અમદાવાદથી કોબા તરફ આવી રહ્યા હતા ત્યારે કોબા નજીક કોઈ અજાણ્યા વાહને તેમને ટક્કર મારી દેતા ગંભીર રીતે ઘવાયેલા મણીલાલનું કમકમાટીભર્યુ મૃત્યુ નિપજ્યું હતું. આ સંદર્ભે અડાલજ પોલીસને જાણ થતા પી.એસ.આઈ. બી.કે. સોલંકી ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને મૃતદેહ પી.એમ. માટે મોકલી મૃતકના ભાઈ નરેશ પરમારની ફરીયાદ મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે અને ફરાર થઈ ગયેલા અજાણ્યા કારના ચાલકને શોધવા તજવીજ આરંભી છે.

# જાગૃત નાગરિક પરિષદની બેઠકમાં મિલકત વેરા બાબતે આક્રોશપૂર્ણ રજૂઆત

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠક તાજેતરમાં સંસ્થાના પ્રમુખ લવજીભાઈ વાડીઆના અધ્યક્ષસ્થાને મળી હતી. બેઠકમાં મિલકતવેરાના સંબંધમાં જાહેર થયેલ ગેરકાનૂની અને ગંભીર વહીવટી સ્વરૂપની ઢગલાબંધ અનિયમિતતાઓ બાબતે આક્રોશ વ્યક્ત થયો હતો.

જાગૃત નાગરિક પરિષદની બેઠકમાં સૌપ્રથમ સંસ્થાના મંત્રી રાજેન્દ્ર પારેખે ગત બેઠકની કાર્યવાહી નોંધ વાંચી હતી. બેઠકમાં ખાસ કરીને દરેક સભ્યોએ મિલકત વેરાના પ્રશ્નને સ્ફોટક રીતે રજૂ કર્યો હતો. શહેરી વિકાસ મંત્રીનો અત્યંત વાંધાજનક, નકારાત્મક, ગેરવર્તાવ સ્વરૂપનો અભિગમ કડક શબ્દોમાં વખોડી કાઢવામાં આવ્યો હતો. આમ જનતાને પડતી હાડમારીઓમાં શહેરી વિકાસ મંત્રીએ પ્રજાની પડખે ઉભા રહેવું જોઈએ, પ્રજાની હાડમારીઓ દૂર કરવી જોઈએ તેને બદલે સમાજના સેવાભાવી સંસ્થાઓના આગેવાનો સાથે તિરસ્કાર સ્વરૂપનો ગેરવર્તાવ કરવો તેમાં આમજનતાનો હળાહળ અપમાન થયું હોવાની લાગણી સભામાં વ્યક્ત કરવામાં આવી હતી. મિલકત વેરાના પ્રશ્ને કાનૂની ચકાસણી કરાવવાના સંદર્ભમાં રવીન્દ્રભાઈ દવે, અમૃતભાઈ મોઢ, જે.પી. ભટ્ટ, અને રાજેન્દ્રભાઈ પારેખની એક સમિતિની રચના કરવામાં આવી હતી. જેઓ સત્વરે અભ્યાસી વકીલને મળીને પરામર્શ કરી તેમનો મૌખિક અહેવાલ એક સપ્તાહમાં રજૂ કરશે તેવું નક્કી કરવામાં આવ્યું હતું. મિલકતોનો કરવામાં આવેલો સર્વે ઢંગધડા વગરનો, અણઘડ અને ઢગલાબંધ ખામીઓવાળો જાહેર થયો છે તેને કારણે પાટનગરની પ્રજાને પારાવાર હાડમારીઓ ઉભી થઈ છે. જેને લીધે પાટનગરના લોકો આંદોલન કરે તે પહેલા તંત્રએ તાત્કાલીક સમાધાન કરવું જોઈએ. સભામાં જિતેન્દ્ર ભટ્ટ દ્વારા સે. ૩૦માં બેન્કની શાખા અથવા એ.ટી.એમ. જેવી સુવિધા ઉપલબ્ધ કરાવવાની અનિવાર્યતા, રખડતા ઢોરો અને કૂતરાઓનો અસંખ્ય ત્રાસ દૂર કરાવવા, પાવર હાઉસ દ્વારા ફેલાતા જાન-જોખમી પ્રદૂષણને અટકાવવા તેમજ વિટકોસ દ્વારા ચલાવાતી સી.ટી. બસ સેવાનો લાભ જે સેક્ટરોમાં મળેલ નથી તેવા સેક્ટરોમાં મળે તે માટે રજુઆતો કરવામાં આવી હતી. સભામાં ચર્ચા-વિચારણા અને પરામર્શમાં તેમજ નિર્ણયો લેવામાં સક્રિય યોગદાન આપનારાઓમાં સર્વશ્રી લવજીભાઈ વાડીઆ, રવીન્દ્રભાઈ દવે, રાજેન્દ્રભાઈ પારેખ, સોમાભાઈ પરમાર, રમણલાલ શ્રીમાળી, અમૃતભાઈ મોઢ, ભાનુભાઈ પુરાણી, જીતેન્દ્ર ભટ્ટ, કાનજીભાઈ પટેલ, કાંતિભાઈ શર્મા, અવિનાશ ક્ષીરસાગર, દશરથભાઈ પરમાર વિગેરેનો સમાવેશ થયો હતો.

# પીક અવર્સમાં મહેસાણા-ગાંધીનગરની નવી બસો શરૂ કરવા ઉગ્ર માંગ

ગાંધીનગર, તા.૯

મહેસાણાથી ગાંધીનગર રોજના ત્રણસોથી વધુ મુસાફરો દરરોજ આવનજાવન કરતાં હોય છે. તદઉપરાંત ગાંધીનગર કેપીટલ હોવાથી સરકારી કામકાજ માટે મોટા ભાગે મુસાફરો દરરોજ આવતા હોય છે. અને એલ.ડી.આર.પી., આઈટીઆઈ, એન્જિનીયરીંગ કોલેજ વગેરે કોલેજોમાં અભ્યાસ અર્થે વિદ્યાર્થીઓ આવે છે ત્યારે પીક અવર્સમાં માત્ર બે બસની ફાળવણી કરવામાં આવેલ છે અને ૩.૪૫ પછી સીધી ૫.૩૦ કલાકે લોકલ બસ આવે છે.

સાંજે ૫.૩૦ કલાકે ગાંધીનગર-ડીસા લોકલ બસ ઉપડે છે. જે મહેસાણા પહોંચતા ૨૫થી વધુ સ્ટેશન કરે છે. જેમાં ગોઝારીયા સુધીના મોટાભાગના મુસાફરો બેસતાં હોવાથી મહેસાણાના મુસાફરોને અંદર જવાની પણ જગ્યા રહેતી નથી. જેમાં સ્ત્રીઓ, બાળકો, વૃદ્ધોની હાલત કફોડી બને છે. તે પછી સાંજે ૬.૦૦ કલાકે ઉપડી ગાંધીનગર-પાલનપુર (એક્ષપ્રેસ) સીએનજી હોવાના કારણે હંમેશા મોડી પડતી હોય છે. વધુમાં બસનો બ્રેકડાઉનનો પ્રશ્ન છાશવારે બને છે. ત્યારબાદ ૬.૫૦ કલાકે કૃષ્ણનગર-મહેસાણા (લોકલ) બસ ચાર ગામમાં અંદર જાય છે અને વાયા પાલવાસણા જતી હોવાના કારણે પોણા ત્રણ કલાક મહેસાણા પહોંચતા લાગે છે. ત્યાર બાદ રાત્રે ૭.૪૫ કલાકે દાહોદ મહેસાણા (ગુર્જરનગરી) આવે છે.

આથી મુસાફરોને બસની આશા છોડીને પથિકાથી અડાલજ સુધી જવું પડતું હોય છે. અને ત્યાંથી પ્રાઈવેટ સાધનોમાં જોખમી મુસાફરી કરીને મહેસાણા પહોંચે છે. આ સાધનો પણ પૈસા આપવા છતાં સરળતાથી મળતા નથી. જેનાથી મુસાફરોને સમય તથા પૈસાનો વ્યય થતો હોય છે.

મુસાફરોની મુશ્કેલીને ધ્યાને લઈ પીકઅવર્સમાં મહેસાણાથી ગાંધીનગર સવારે ૮.૦૦ કલાકે અને ગાંધીનગરથી મહેસાણા સાંજે ૫.૦૦ કલાકે તથા સવા છ વાગે સીધી એક્ષપ્રેસ અથવા લોકલ બસ મુકવામાં આવે તો મુસાફરો તથા અપડાઉન કરતાં મુસાફરો તેનો લાભ લઈ શકે.

# ૧મી ઑક્ટોબરે પરિવર્તન પાર્ટીની યાત્રા ગાંધીનગર જિલ્લામાં ઘુમશે

ગાંધીનગર, તા. ૯

ગુજરાત પરિવર્તન પાર્ટી તરફથી ગાંધીનગર ખાતે પંચદેવ મંદિરથી તા. ૧૧મી ઑક્ટોબર સવારે નવ વાગે કેશુબાપાની યાત્રાનું પ્રસ્થાન થશે. આ યાત્રા પંચદેવથી નીકળીને સેક્ટર-૨૨, ઘ-૬, ઘ-૫, ૨૪, ૨૬, ૨૭, ટાટા ચોકડી થઈ રાંધેજા, રૂપાલ, સરઢવ, ધમાસણાથી યાત્રા કલોક સુધી જશે.

દરેક ગામમાં યાત્રાનું સ્વાગત થશે. આ રેલીમાં ૫૦ થી વધુ ગાડી, ૩૦ બાઈકો અને ૫૦૦ માણસો હશે. પરિવર્તન પાર્ટીના અધ્યક્ષ કેશુભાઈ પટેલ, સુરેશ મહેતા, ગોરધન ઝડફીયા, ડૉ. એ.કે. પટેલ, કિસાનસંઘના લાલજી બાપા, અરવિંદભાઈ પટેલ, ગાંધીનગરના પ્રભારી વિક્રમભાઈ ચૌહાણ હાજર રહેશે. કલોલમાં જાહેર સભા યોજાશે. ગુજરાત પરિવર્તન યાત્રા - તા. ૧૧મી ઑક્ટોબરથી તા. ૧૫મી ઑક્ટોબર સુધી ગાંધીનગર, મહેસાણા, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠામાં ફરશે, ગાંધીનગર જિલ્લા પ્રમુખ સુનિલભાઈ ત્રિવેદીએ જણાવ્યું છે.

# કચ્છ કાઠીયાવાડ રાજપૂત સમાજનો સરસ્વતી સન્માન

ગાંધીનગર, તા. ૯

શ્રી કચ્છ કાઠીયાવાડ રાજપૂત સેવા સમાજના પ્રમુખ આર.એમ. જાડેજાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, કચ્છ કાઠીયાવાડ રાજપૂત સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનવાની કાર્યક્રમ તથા સાંસ્કૃતિ કાર્યક્રમ વિજયાદશમી તા. ૨૪મી ઓક્ટોબર-૨૦૧૨ના રોજ ટાઉન હોલ, સેક્ટર-૧૭, ગાંધીનગર ખાતે રાંખવામાં આવ્યો છે.

સમાજના સરસ્વતી સન્માન સમારંભ અને સાંસ્કૃતિક કાર્યક્રમ માટેની નિમંત્રણ પત્રિકા સમાજના તમામ સભ્યોને મોકલવામાં આવી હોવાનું કાર્યાલય મંત્રી જે.આર. ગોહિલે જણાવ્યું છે. બપોરે ૩.૩૦ કલાકે ટાઉનહોલ સેક્ટર-૧૭ ખાતે યોજાનાર સન્માન સમારંભના ભોજન પાસ પણ સમાજના કાર્યકર્તા મારફતે દરેક સભ્યને મોકલવામાં આવ્યા છે. આમ છતાં સમાજના કોઈ સભ્યને નિમંત્રણ પત્રિકા કે ભોજન પાસ મળ્યા ન હોય તો તેઓએ નિમંત્રણપત્રિકા-ભોજન પાસ સમાજના કાર્યાલયમાંથી મેળવી લેવા ઉપપ્રમુખ એમ.એ. જાડેજાએ જણાવ્યું છે.

## આજે રાંધેજા ગામે સુંદરકાંડના પાઠ યોજાશે

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર જિલ્લાના રાંધેજા ગામે આજે પંચમ સોપાન સુંદરકાંડના પાઠનું જાહેર આયોજન કરવામાં આવ્યું છે. સંજય ભારતી ગોસ્વામીની વ્યાસપીઠે યોજાનાર સુંદરકાંડના પાઠ બપોરે ૩ કલાકે જાગેશ્વર મહાદેવ વાડી, રાંધેજા મુકામે યોજાશે. ભાવિક ભકતોને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા આયોજકોએ ખાસ નિમંત્રણ પાઠવ્યું છે.

# વારાહી પ્રગતિ મંડળ સરઢવ દ્વારા નવરાત્રિ મહોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર જિલ્લાના સરઢવ ગામે આવેલા શ્રી વારાહી પ્રગતિ મંડળના મંત્રી મુકેશ પટેલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ૧૬મી ઓકટોબરથી શરૂ થતા આસો માસના નવરાત્રિ મહોત્સવનું આયોજન સરઢવ ગામે કરવામાં આવ્યું છે. ગુજરાતના ખ્યાતનામ કલાવૃંદો દ્વારા નવરાત્રિ મહોત્સવમાં ગરબાની રમઝટ જામશે.

વારાહી પ્રગતિ મંડળ દ્વારા તા.૧૬મીથી ૨૪મી ઓકટોબર દરમિયાન નવરાત્રિ મહોત્સવ વારાહી ચોક-હોસ્પિટલવાળી ભાગોળ, સરઢવ મુકામે યોજાશે. પ્રથમ દિવસે ગુજરાતી ફિલ્મ અભિનેતા વિક્રમ ઠાકોર અને શિલ્પા ઠાકોર તથા બંસરી કલાવૃંદ દ્વારા રાસ ગરબાની રમઝટ જામશે. બીજા દિવસે જય મેલડી મ્યુઝીકલ ગૃપ, ત્રીજા દિવસે સરગમ ઓરકેસ્ટ્રા, ચોથા દિવસે સુરાવલી ગૃપ, પાંચમા દિવસે કમલેશ બારોટ, અભિના પટેલ કોમલ આર્ટ તથા છઠ્ઠા દિવસે નિતીન બારોટ, સોનુ ચારણ, સાતમા દિવસે રિન્કુ મ્યુઝીકલ ગૃપ, આઠમા દિવસે દિપાલી શાહ અને નવીન ભાટી કોમલ આર્ટ દ્વારા અને નવમા દિવસે વારાહી ઓરકેસ્ટ્રા દ્વારા માતાજીના રાસ-ગરબા ખૂબ જ ભકિતભાવ અને અદ્યતન સુરાવલીમાં યોજાશે. સરઢવ ગામની આજુબાજુના ૨૫ ગામના લોકો આ નવરાત્રિ મહોત્સવનો લાભ લે છે. ગામમાં યોજાનાર રાસ ગરબાનું જીવંત પ્રસારણ www.maavarahisardhar.com પરથી જોઈ શકાશે.

## ડેમોક્રેટિક પીપલ્સ એસો. થાનગઢના પીડિતોને સહાય વધારવા માંગણી

ગાંધીનગર, તા. ૯

ડેમોક્રેટિક પીપલ્સ એસોસીયેશન ગુજરાત ગાંધીનગરની કારોબારી બેઠક ભાનુભાઈ પરમાર અધ્યક્ષ સ્થાને મળી હતી. મહામંત્રીશ્રી મૂળજીભાઈ પરમાર રોજબરોજના કાર્યવાહીની સમીક્ષા કરવામાં આવી હતી. સંસ્થા નામનાં ફેરફાર તથા સરકારી કૉલેજમાં ફીનાં ધોરણ સરકારી કૉલેજોના ધોરણે રાખવા જોઈએ. સેમેસ્ટર બિલ બાબતે ચર્ચા થઈ હતી. થાનગઢના બનાવ અંગે હાથ ધરાયેલ તપાસની ચર્ચા કરી હતી. બનાવને સપ્ત શબ્દોમાં વખોડયો હતો. માનવ અધિકારપંચને મુલાકાત લેવા માટે જાણ કરેલ છે. પીડિત કુટુંબોને મૃતકોનાં રૂા. બીસ લાખ ઈજા પામનારને વળતર ચુકવવા માટે માગણી કરી હતી. ઉપરોક્ત માહિતી મુળજીભાઈ 'દધિ' જણાવેલ હતી.

## બાયસેગના એકેડમી વિભાગમાંથી કોમ્પ્યુટર સેટની ચોરી

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરના ઈન્ફોસીટી વિસ્તારમાં આવેલી બાયસેગ ઈન્સ્ટીટ્યૂટનાં એકેડેમી ડિવીઝનમાંથી કોમ્પ્યુટરની ચોરી થઈ જવા પામી છે. બાયસેગના પ્રોજેક્ટ મેનેજરને આ સંદર્ભે જાણ થતા પોલીસને જાણ કરી બોલાવી લીધી હતી. ગાંધીનગરથી કુડાસણ જવાના માર્ગ પર ઈન્ફોસીટી પાસે આવેલી બાયસેગ ઈન્સ્ટીટ્યૂટમાં ૩જી ઓક્ટોબરે સાંજે ઈન્સ્ટીટ્યૂટ બંધ થયા બાદ કોઈ પણ સમયે તસ્કરોએ હાથફેરો કર્યો હતો. બાયસેગના એકેડેમી વિભાગના ૧૦૮ નંબરના રૂમમાંથી કોઈ શખ્સો રૂ. ૧૫ હજારની કિંમતનું કોમ્પ્યુટર ચોરીને પલાયન થઈ ગયા હતા. આ સંદર્ભે બીજે દિવસે અમદાવાદમાં રહેતા બાયસેગના પ્રોજેક્ટ મેનેજર અજયભાઈ નટવરલાલ પટેલે સે. ૭ પોલીસને જાણ કરી બોલાવી લીધી હતી.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૬
સૂર્યાસ્ત : ૬.૧૯

## તાપમાન

મહત્તમ : ૩૬.૮ ડિ.સે. લઘુત્તમ : ૨૩.૫ ડિ.સે.
મોસમ કુલ વરસાદ : ૭૦૭ એમ.એમ.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૬ ટકા ● સાંજે ૩૭ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
ઓહ ! માય ગૉડ : ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ઈંગ્લીશ વિંગ્લીશ : ૧૨.૪૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
કિસ્મત લવ પૈસા દિલ્લી : ૧૨.૦૦, ૨.૦૦, ૭.૦૦, ૯.૪૫
: સ્ક્રીન-૪ :
ઓહ ! માય ગૉડ : ૧૦.૦૦
બર્ફી : ૧૨.૩૦, ૩.૩૦, ૭.૦૦, ૧૦.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ઓહ ! માય ગૉડ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
ઈંગ્લીશ વિંગ્લીશ : ૧૦.૧૫, ૧.૦૦, ૩.૪૫, ૬.૩૦,
ઓહ ! માય ગૉડ : ૯.૩૦
: સ્ક્રીન-૩ :
કિસ્મત લવ પૈસા દિલ્લી : ૯.૦૦, ૪.૪૫
ઓહ ! માય ગૉડ : ૧૧.૩૦, ૨.૧૫
ઈંગ્લીશ વિંગ્લીશ : ૭.૩૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૪ :
બર્ફી : ૧૦.૪૫, ૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૯.૩૦
ઓહ ! માય ગૉડ : ૬.૪૫

### સૂર્યા, વાવોલ

ભૂત : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મારા રૂદિયે વાલા સીતારામ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ઈંગ્લીશ વિંગ્લીશ : ૧.૩૦, ૪.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
કિસ્મત લવ પૈસા દિલ્લી : ૧૦.૪૫, ૩.૧૫, ૭.૩૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
ઓહ! માય ગોડ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૪૫, ૭.૧૫, ૧૦.૧૫
કમાલ ધમાલ માલામાલ : ૧૧.૩૦, ૬.૧૫

### ચિરાગ, કલોલ

મારા રૂદિયે વાલા બાપા સીતારામ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : પ્રિય વ્યક્તિથી ભેટ થશે. વિરોધીઓની તરફ ધ્યાન ન આપીને સ્વયં કાર્ય કરો. વિષમ પરિસ્થિતિમાં પણ ધૈર્ય બનાવી રાખવું પડશે. વ્યપારની બાબતમાં યોગ્ય નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે.

**વૃષભ** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ બની રહ્યા છે. માલ મિલકતના પ્રશ્નો ઉકેલાશે. રહેઠાણ સંબંધી સમસ્યા રહી શકે છે. કુટુંબમાં કોઈ સભ્યની ઉન્નતિથી સામાજિક સમ્માન વધશે.

**મિથુન** : બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે. વ્યાપાર- વ્યવસાય પર ધ્યાન આપો. શત્રુઓથી હાની થવાની સંભાવના છે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે.

**કર્ક** : સ્વપ્નાઓ સાકાર થઈ શકશો. આળથી બચીને સક્રિય થઈ જવું તમારા માટે લાભકારક રહેશે. ઉપહાર મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ઉન્નતિ થશે.

**સિંહ** : યાત્રા થઈ શકે છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા-સંબંધીઓથી મુલાકાત થશે. વ્યપારમાં અનાયાસ ખલેલ પહોંચી શકે છે. ખાન-પાનની ગડબડીથી આરોગ્ય ખરાબ થઈ શકે છે.

**કન્યા** : રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વ વધશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો. લગ્ન સંબંધી ચર્ચા ચાલશે.

**તુલા** : દિનચર્યા ખૂબ વ્યસ્ત અને વ્યવસ્થિત રહી શકશે. નોકરીમાં સ્થિતિ સુધરશે. દરેક ક્ષેત્રમાં સમ્માન મળશે. વેપાર ક્ષેત્રમાં નવી યોજનાઓથી લાભ.

**વૃશ્ચિક** : વ્યાપાર અથવા આજીવિકાના ક્ષેત્રમાં નવીન યોજનાઓનું શ્રીગણેશ થશે. આરોગ્યમાં અનુકૂળતા તમને ચિંતાઓથી મુક્ત કરશે. વિચારેલા બધા કાર્યોમાં શુભ પરિણામ પ્રાપ્ત થઈ શકે છે.

**ધન** : ઈચ્છિત કાર્ય પૂર્ણ થઈ શકશે. આરોગ્ય સારું રહી શકશે. વિલાસિતાની વસ્તુઓ ખરીદવાનો યોગ બનશે. કાર્ય કરવાની સ્થિતિમાં સુધાર અને ગુણાત્મકતા આવશે.

**મકર** : મકાન સંબંધી સમસ્યાનો સમાધાન થવાનો યોગ છે. ભૌતિક સુખ- સમૃદ્ધિ વધશે. પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે. આરોગ્ય સારું રહેશે.

**કુંભ** : લાભનો માર્ગ ખુલ્લો થશે. આર્થિક ચિંતા જરાકમાં જ ઉકેલાઈ શકે છે. વ્યવસાયમાં વૃદ્ધિનો યોગ છે. નિર્ણય લેવામાં વિલંબ ન કરો. કાર્યની ગતિ બનાવી રાખો. જોખમના કાર્યથી બચવું.

**મીન** : નાણાંકીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે. યશ, ઉત્સાહમાં વધારો થશે. પ્રયાસ સાર્થક થશે. શિક્ષણ સંબંધી કાર્યોમાં ગહન શોધ થશે. મનોરંજન. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થશે.

## ચિરવિદાય

- સ્વ. જીલુભા દોલતસિંહ ચાવડા (ઉ.વ. ૮૫) મુ.પો. વરસોડા, તા. માણસા, જિ. ગાંધીનગર.
- સ્વ. આતાજી ધનાજી ઠાકોર (ઉ.વ. ૮૮) જૈન દેરાસર પાસે, મુ.પો. બોરીજ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. શાંતાબેન જોઈતાજી ઠાકોર (ઉ.વ. ૬૫) મુ.પો. રૂપાલ, તા., જિ. ગાંધીનગર.